GOVERNMENT ARTS COLLEGE SUIGAM (VAV-THARAD

સરકારી વિનયન કૉલેજ, સુઈગામ

મુ. પો. સુઈગામ રબારીવાસ પ્રાથમિક શાળા, તા.-સુઈગામ, જિ.-વાવ-થરાદ પીનકોડ નં.- ૩૮૫૫૭૦.
સ્થાપના વર્ષ-૨૦૧૮ ઈ-મેઈલ : gacsuigam2019@gmail.com URL : Web.https://gacsuigam.org.in/

જા.નં.મકમ/અહેવાલ/૨૦૨૬/૨૮૨ તા.૩૧/૦૭/૨૦૨૬

# ઈનોવેશન કલબ અને SSIP 2.0 અંતર્ગત IDEA GENERATION & PROBLEM SOLVING યોજાયેલ વર્કશોપનો અહેવાલ

સરકારી વિનયન કોલેજ, સુઈગામ, જિ.વાવ–થરાદ ખાતે તારીખઃ– ૩૧/૦૭/૨૦૨૬ ના રોજ આચાર્યશ્રી ડૉ એમ. બી. શર્માના માર્ગદર્શન હેઠળ ઈનોવેશન કલબ અને SSIP 2.0 પ્રકલ્પ અંતર્ગત યોજાયેલ વર્કશોપમાં IDEA GENERATION & PROBLEM SOLVING વિષય ઉપર બે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ. તજજ્ઞ તરીકે સરકારી વિનયન કોલેજ,અમીરગઢ જિ.બનાસકાંઠાના સમાજશાસ્ત્ર વિષયના મદદનીશ પ્રાધ્યાપક ડૉ નિતિનકુમાર.કે.જાદવ સાહેબે વિધાર્થીઓને અત્યંત ઉપયોગી અને પ્રેરણાદાયક વ્યાખ્યાન આપવા માટે આવકારેલ.

શરૂઆતમાં દીપ પ્રાગટય કરવામાં આવેલ. અને કોલેજની વિધાર્થીનીઓ ધ્વારા પ્રાર્થના કરવામાં આવેલ. ત્યાર બાદ કોલેજના મ.પ્રા. તથા ઈનોવેશન કલબ અને SSIP 2.0 પ્રકલ્પના કોર્ડિનેટર ડૉ એચ. જે. ચૌહાણ આવેલ તજજ્ઞ ડૉ નિતિનકુમાર કે.જાદવને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમની શરુઆતમાં કોલેજના ઈનોવેશન કલબ અને SSIP 2.0 પ્રકલ્પના કોર્ડિનેટર ડૉ એચ. જે. ચૌહાણ સાહેબે ડૉ નિતિનકુમાર કે.જાદવ સાહેબ સાથે તમામ હાજર વિધાર્થી ભાઈ–બહેનો અને અધ્યાપકશ્રીઓને આવકારેલ અને જાદવ સાહેબનો ટુંકો પરિચય આપેલ. ત્યારબાદ કોલેજના ઈનોવેશન કલબ અને SSIP 2.0 પ્રકલ્પ અંતર્ગત યોજાયેલ વર્કશોપમાં IDEA GENERATION & PROBLEM SOLVING વિષય મહત્વ સમજાવેલ.

ડૉ જાદવ સાહેબે પોતાના વ્યાખ્યાનની શરુઆત કરતા વિધાર્થીનીઓને નવીન વિચારો વિકસાવવા માટે જરૂરી અભિગમલ વિચારશકિત અને સર્જનાત્મકતાના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ઉપરાંત રોજીદા જીવન તેમજ સામાજીક અને શૈક્ષણિક ક્ષેત્રમાં ઉભી થતી વિવિધ સમસ્યાઓના સર્જનાત્મક અને અસરકારક ઉકેલો શોધવા માટેની વિવિધ પધ્ધતિઓ, ઉદાહરણો અને વ્યવહારુ અભિગમ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પુરુ પાડયુ હતું. તેમને વિધાર્થીઓને નવીન વિચારોને સ્ટાર્ટઅપ, સંશોધન અને સામાજીક ઉપયોગી પ્રોજેકટમાં રૂપાંરિત કરવા માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા.

ઉપરોકત કાર્યક્રમમાં કુલ ૫૯ વિધાર્થી ભાઈ–બહેનો અને તમામ અધ્યાપકશ્રીઓ તથા વહીવટી સ્ટાફ, અને મુલાકાતી સ્ટાફ, આઉટસોર્સિંગ સ્ટાફ હાજર રહેલ. સમગ્ર કાર્યકમનું આયોજન અને કુશળ સંચાલન ઈનોવેશન કલબ અને SSIP 2.0 પ્રકલ્પના કોર્ડિનેટર ડૉ એચ. જે. ચૌહાણ ધ્વારા કરવામાં આવેલ હતું. અને શ્રીમતી ડી.આર.ચૌધરી ધ્વારા આભાર વિધિ કરવામાં આવેલ.

Govt. Arts College Suigam Dist. Banaskantha सत्यमेव जयते

I/c Principal
Govt. Arts College
Suigam, Dist.Banaskantha